# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/30 Dt. 13/07/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# બ્રાન્ડની સફળતા પાછળ ગ્રાહકોના ઇમોશન્સ અને વિચારોની ભૂમિકા સૌથી મહત્વની: ચેમ્બરના વર્કશોપમાં તજજ્ઞોનું માર્ગદર્શન

## SGCCI દ્વારા 'DESI DISRUPTORS – Strategy On A Page' વિષય પર વિશેષ બિઝનેસ વર્કશોપ યોજાયો

### સફળ બ્રાન્ડ્સ ગ્રાહકોની જરૂરિયાત અને તેમની ખુશી પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે: જાણીતા લેખક વિક્રાંત પાંડે

### ફોગ, મૂવ અને વિક્સ જેવી વૈશ્વિક બ્રાન્ડ્સની સફળતા પાછળ ઉદ્યોગસાહસિકોની ચોક્કસ સ્ટ્રેટેજી જવાબદાર: ડૉ. વિસ્પી ડોક્ટર

### ઉદ્યોગસાહસિકોને વ્યવસાયમાં વૈશ્વિક સ્તરે સફળ થવાના વિવિધ પાસાંઓ અને વ્યવહારુ વ્યૂહરચનાઓ સમજાવવામાં આવી

સુરત, 13 જુલાઈ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા શનિવારે, તા. 11 જુલાઈ 2026ના રોજ સાંજે 05:00 કલાકે સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે 'DESI DISRUPTORS – Strategy On A Page' વિષય પર એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા ખ્યાતનામ લેખક તેમજ અનુવાદક શ્રી વિક્રાંત પાંડે અને જાણીતા લેખક તેમજ માર્કેટિંગ રિસર્ચ પ્રોફેશનલ ડૉ. વિસ્પી ડોક્ટરે સ્થાનિક ઉદ્યોગસાહસિકોને બદલાતા બિઝનેસ લેન્ડસ્કેપમાં સફળ થવાના ચાવીરૂપ પાસાંઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી.

## ગ્રાહકોના ઇમોશન્સ બિઝનેસનો સૌથી મોટો ઘટક: વિક્રાંત પાંડે

આ વર્કશોપ દરમિયાન શ્રી વિક્રાંત પાંડેએ ગ્રાહકોની સાયકોલોજી સમજાવતા જણાવ્યું હતું કે, "વૈશ્વિક સ્તરે જે બ્રાન્ડ્સ સફળ થઈ છે, તેમણે હંમેશાં એ બાબત પર જ ફોકસ કર્યું છે કે ગ્રાહકોની વાસ્તવિક જરૂરિયાત શું છે અને તેમને કઇ વસ્તુથી સાચો સંતોષ કે ખુશી મળે છે. ઉદ્યોગસાહસિકો માટે ગ્રાહકોનું ઇમોશન (લાગણી) એ બિઝનેસ ગ્રોથનો સૌથી મહત્વનો ઘટક છે. ઘણીવાર ગ્રાહકો માત્ર પોતાની સમસ્યાનું નિવારણ જ નથી શોધતા, પરંતુ તેમની સમસ્યાને ધ્યાનથી સાંભળનાર અને સમજવાવાળી બ્રાન્ડને વધુ પસંદ કરે છે."

## વિચારો અને મજબૂત સ્ટ્રેટેજીથી બને છે મોટી બ્રાન્ડ: ડૉ. વિસ્પી ડોક્ટર

બીજા મુખ્ય વક્તા ડૉ. વિસ્પી ડોકટરે કોર્પોરેટ જગતમાં ધૂમ મચાવનારી ફોગ, મૂવ અને વિક્સ જેવી અગ્રણી બ્રાન્ડ્સના રસપ્રદ ઉદાહરણો આપ્યા હતા. તેમણે જણાવ્યું કે, "કોઈપણ બ્રાન્ડની સફળતા પાછળ ઉદ્યોગસાહસિકોએ પ્રારંભિક તબક્કે કરેલા નાના-નાના અને ગ્રાહક-લક્ષી વિચારોનો ફાળો સૌથી વધુ હોય છે. વ્યવસાયમાં 'સ્ટ્રેટેજી' સૌથી અગત્યનું માધ્યમ છે. ઉદ્યોગકારોએ હંમેશાં એ વિચારવું જોઈએ કે તેઓ ગ્રાહકોને માર્કેટ કરતાં શું નવું આપી રહ્યા છે, તેમની પ્રોડકટથી ગ્રાહકને શું વધારાનો લાભ થશે, અને તેમની પ્રોડકટ હરીફોની પ્રોડક્ટ કરતાં કઇ રીતે અલગ અને શ્રેષ્ઠ છે."

આ રસપ્રદ વર્કશોપમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ગ્રૂપ ચેરમેન સર્વશ્રી મૃણાલ શુક્લ, ભાવેશ ટેલર અને ડૉ. વિજય રાદડિયા સહિત સુરતના વિવિધ ઉદ્યોગો સાથે સંકળાયેલા અગ્રણી ઉદ્યોગસાહસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ વર્કશોપની મુખ્ય રૂપરેખા આપી હતી અને ગ્રૂપ ચેરમેન શ્રી પુનિત ગજેરાએ ઉપસ્થિત વક્તાઓનો સત્તાવાર પરિચય આપ્યો હતો. સમગ્ર સત્રનું સફળ સંચાલન ચેમ્બરની આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિત્રાંગ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. વક્તાઓએ શ્રોતાઓના મૂંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા બાદ, ગ્રૂપ ચેરમેન ડૉ. અનિલ સરાવગીએ આભારવિધિ કરીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.